GJMR010018042026

સત્યમેવ જયતે

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૫–૦૬–૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | : | ૧૫–૦૬–૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૨૦–૦૬–૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| આંક | : | |

## મોરબીના વિશેષ ન્યાયાધીશ (પોકસો કેસ) અને અધિક સેશન્સ જજશ્રીની ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ સમક્ષ, મોરબી.

**ફોજદારી પરચુરણ અરજી નં.૯૧૪/૨૦૨૬**
**આંક:–૦૭.**

**અરજદાર:–** **સુનીલકુમાર મોતીલાલ મહતો(કુછવાહા),**
ઉ.વ.:– આ.૨૦, ધંધો:– મજુરી,
મુળ રહે. ગેન્હારીયા ગામ પંચાયત, જમુનીયા ગામ,
તા.જી.પશ્ચીમ ચંપારપ,બિહાર,હાલ સબ જેલ,મોરબી.

**વિરૂધ્ધ**

સામાવાળા **ધી સ્ટેટ ઓફ ગુજરાત,**
**મારફતે વિ.એ.પી.પી.શ્રી,**

**બાબત:– ટંકારા પોલીસ સ્ટેશન એ–પાર્ટ, ગુ. ર . નં. ૧૧૧૮૯૦૦૬૨ ૬૦૦૬૦/૨૦૨૬,ભારતીય ન્યાય સહીતા–૨૦23 ની કલમ:– ૧3૭(૨), ૮૭, ૬૪(૨)(આઇ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ–૫(એલ),૬ મુજબના ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે ચાર્જશીટ પછીની પ્રથમ વખતથી રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.**

---

**અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એ.વી.ડાભી.**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.ડી.કારીયા.**

---

### –:: ચુકા દો ::–

**(૧).** અરજદાર/આરોપી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે અરજીમાં જણાવેલ કારણોસર નિયમીત જામીન મેળવવા

ની હાલની અરજી દાખલ કરેલ છે.

(૨). અરજદાર/આરોપીની જામીન અરજી રજુ થતા આ કામે સામાવાળા /સરકારશ્રીને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ. એ. પી. પી.શ્રી એન.ડી.કારીયા પોલીસ તપાસના કાગળો સાથે હાજર થયેલ છે. તેમજ તપાસનીશ અમલદારે અરજદાર/આરોપીની વિરુધ્ધનું સોગંદનામું આંક-પ થી રજુ કરેલ છે. જે વંચાણે લીધુ.

(૩). અરજદાર/આરોપીના વિ.વ.શ્રી એ.વી.ડાભી નાઓ દ્રારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ ટંકારા પોલીસ સ્ટેશન એ-પાર્ટ, ગુ. ર . નં.૧૧૧૮૯૦ ૦૬૨૬૦૦૬૦/૨૦૨૬,ભારતીય ન્યાય સહીતા-૨૦૨૩ ની કલમ:- ૧૩૭ (૨), ૮૭, ૬૪(૨)(આઇ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ-૫(એલ),૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે.વધુમાં વિ.વ.શ્રી દ્રારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, હાલના ગુનાના કામેનું ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે જે પોકસો કેસ નં.૨૨/૨૦૨૬ થી નોંધાયેલ છે. આ કામની એફ. આઇ. આર. ધ્યાને લેવામાં આવે તો, આશરે ૧૬ દિવસ મોડી છે. ફરીયાદ મોડી કરવાનું કોઇ કારણ ફરીયાદમાં જણાવવામાં આવેલ નથી. વધુમાં વિ.વ.શ્રી દ્રારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે રજુ થયેલ ફરીયાદ વંચાણે લેવામાં આવેતો બનાવવા/L જગ્યા જાહેર બજાર તથા મોટો હાઇવે એટલે કે જાહેર જગ્યા હોય કોઇએ અરજદાર ભોગબનનારને લઇ જતાં જોયેલ હોય તેવો કેસ નથી. વધુમાં વિ.વ.શ્રી દ્રારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ ના આક્ષેપો જોવામાં આવે તો તે પુરાવાનો વિષય છે તેની ચર્ચા જામીન અરજીના તબકકે કરી શકાય નહી. વધુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રી નાઓએ દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી સામેના ગુનાનું ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે જે પોકસો કેસ નં.૨૨/૨૦૨૬ થી નોંધાયેલ છે જેથી સાક્ષી પુરાવાને તોડવા ફોડવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી.અરજદાર/ આરોપી

અરજીમાં જણાવેલ સરનામાના નિત્ય રહેવાસી છે તેઓને રેગ્યુલર જામીન પર મુકત કરવામાં આવે તો અરજદાર/આરોપી કયાંય નાશી ભાગી જશે નહી અને આ કામની ટ્રાયલ ચાલતા નીયમીત રીતે નામ. કોર્ટમાં મુદત હરોળમાં હાજર રહેવાની ખાતરી આપેલ છે. અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવા નામદાર કોર્ટ જે જે શરતો ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવાની પણ ખાતરી આપી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪). અરજી સામે વાંધો ઉઠાવી વિ.એ.પી.પી.શ્રી એન.ડી.કારીયા દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ બી.એન.એસ.કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઇ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ- ૫ (એલ), ૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. વધુમાં વિ.પી.પી.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીએ ફરીયાદીની દીકરી સપના ડો/ઓ હરીસિંહ કુંજીલાલ અહીરવાર ઉ.વ.૧૪, ૦૭ માસ, ૦૫ દિવસ (જન્મ તારીખ:-૦૯/૦૬/૨૦૧૧) વાળી ભોગબનનાર સગીર વયની સંમતિ આપવા અસહમત હોવાનું જાણતા હોવા છતા લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી લઇ જઇ ભોગબનનાર સાથે વારંવાર પ્રવેશ જાતીય હુમલો કરેલ છે. વધુમાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, હાલના ગુનાના કામેનું ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે જે પોકસો કેસ નં.૨૨/૨૦૨૬ થી નોંધાયેલ છે. વધુમાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, સદર ગુનામાં અરજદાર/આરોપી પ્રથમથી જ સંડોવાયેલા છે. તેઓ સામે પ્રથમ દર્શનીય કેસ છે. તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, આ કામના સાહેદો તથા પંચો ને ધાક-ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે-કરાવે તેવી

શકયતાઓ છે તેમજ તેઓ નાસી–ભાગી જાય તેવી શકયતાં હોય તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી શકયતાંઓ હોય, જેથી આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫). ઉભયપક્ષોની રજુઆતો ધ્યાને લીધી. પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી વિરુધ્ધ  ટંકારા પોલીસ સ્ટેશન એ–પાર્ટ, ગુ. ર. નં.૧૧૧૮૯૦૦૬૨૬૦૦૬૦/૨૦૨૬,ભારતીય ન્યાય સહીતા–૨૦૨૩ ની કલમ:–૧૩૭ (૨), ૮૭, ૬૪(૨)(આઇ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ–૫(એલ),૬ મુજબના શિક્ષાને પાત્ર ગુના ઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. અદાલતે જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી વિરુધ્ધનો ગુનો, ગુનાની ગંભીરતા, સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની સંભાવના, ટ્રાયલ દરમ્યાન આરોપી ની હાજરીની સુનિશ્ચિતતા અને આરોપી વિરુધ્ધના ગુનાનો ટ્રાયલ ચલાવવામાં પસાર થતા સમયના પાસા ધ્યાને લેવાના હોય છે. સંબંધીત ગુનામાં અરજદાર/આરોપીની ભુમીકા ધ્યાને લેતા અરજદાર/આરોપીએ ફરીયાદીની સગીર વયની દીકરી સપના ડો/ઓ હરીસિંહ કુંજીલાલ અહીરવાર ઉ.વ.૧૪ ૦૭ માસ, ૦૫ દિવસ (જન્મ તારીખ:–૦૯/૦૬/૨૦૧૧) વાળી ભોગબનનાર સગીર વયની સંમતિ આપવા અસહમત હોવાનું જાણતા હોવા છતાં લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના વાલીપણામાંથી અપહરણ કરી લઇ જઇ ભોગબનનાર સાથે વારંવાર પ્રવેશ જાતીય હુમલો કરેલ છે. આ કામે પોલીસ પેપર્સ સાથે રજુ થયેલ આરોપીનું નિવેદન ધ્યાને લેતાં તેઓએ એવી હકીકત કબુલ રાખેલ  છેકે, '' તા.૧૪/૦૧/૨૦૨૬ નારોજ મકરસંક્રાતી ના દિવસે હું મુંઇબથી ટંકારા આવી સપના ટંકારા માકે"ટમાં આવેલ હતે અને લતીપર ચોકડીથી લઇ ટંકારાથી રાજકોટ અને રાજકોટ થી અમદાવાદ અને અમદાવાદથી ટ્રેનમાં મહારાષ્ટ્ર ના નાસીક ખાતે લઇ ગયેલ અને નાસીક રેલ્વે સ્ટેશન પાસે આવેલ એક કારખાનાના લેબર કવાર્ટરમાં અમો બન્ને રહેવા લાગેલ હતાં. આ દરમ્યાન મે સપના સાથે

પાંચ થી છ વખત શરીર સબંધ બાંધેલ હતો.'' તેવી હકીકત કબુલ રાખેલ છે. જે હકીકત ધ્યાને લેતાં, અરજદાર/આરોપીએ સદર ગુનામાં પ્રથમ દર્શનીય રીતે સક્રીય ભુમિકા ભજવેલ છે. વધુમાં, આ કામે અરજદાર/આરોપીના વિ.વ.શ્રી એ હાલના કામે ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ હોય જામીન મુકત કરવા અરજ કરેલ છે પરંતુ ચાર્જશીટ દાખલ થયા બાદ કોઇ બદલાયેલા સંજોગોનું નિર્માણ થયેલ હોય તેવુ પણ રેકર્ડ પરથી જણાઇ આવતુ નથી. વધુમાં અરજદાર/આરોપી મુળ બિહાર રાજયના રહેવાસી હોય તથા આ કામે અત્રેની અદાલતમાં અરજદાર/આરોપી વિરુધ્ધ ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ હોય કેસની ન્યાયીક કાર્યવાહી સમયે અરજદાર/આરોપી મુદતે હાજર નહી રહે તેમજ તેઓ નાશીભાગી જાય તેવી પણ શકયતા રહેલ છે. વળી અરજદાર/ આરોપીને રેગ્યુલર જામીન આપવામાં આવે તો અરજદાર/આરોપી આ કામના ફરીયાદી તથા સાહેદો ને ધાક-ધમકી આપી, ફરીયાદ પક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી શકયતા રહેલી છે. તે જોતાં આ કામના અરજદાર/ આરોપી વિરુધ્ધ ઉપરોકત મુજબના ગંભીર પ્રકાર ના ગુનાના આક્ષેપો હોઈ આવા ગંભીર ગુનાના કામે કાયદાના પ્રસ્થાપીત સિદ્ધાંતો મુજબ અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયીક અને વ્યાજબી જણાતું નથી.

(૬) આમ, આ કામે રજુ થયેલ પોલીસ પેપર્સ, બન્નેપક્ષોની તાર્કીક અને ભારપુર્વકની રજુઆતો તથા કાયદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો તેમજ અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ તેમજ ગુનાની ગંભીરતાંને ધ્યાને લેતાં, અરજદાર/આરોપીની હાલની જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા-૨૦૨૩ ની કલમ:-૪૮૩ ના પરીપ્રેક્ષ્યમાં આવતી ન હોવાની માની આ અદાલતને પ્રાપ્ત વિવેકાધીન સતાનો ઉપયોગ કરી, અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવા યોગ્ય, ન્યાયી અને ઉચિત જણાતું ન હોય, હાલની અરજી અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર/આરોપી **સુનીલકુમાર મોતીલાલ મહતો(કુછવાહા),** ઉ. વ.:– આ.૨૦, ધંધો:– મજુરી, મુળ રહે. ગેન્હારીયા ગામ પંચાયત, જમુનીયા ગામ, તા.જી.પશ્ચીમ ચંપારપ,બિહાર,હાલ સબ જેલ,મોરબી નાઓની ટંકારા પોલીસ સ્ટેશન એ–પાર્ટ, ગુ. ર . નં.૧૧૧૮૯૦ ૦૬૨૬૦૦૬૦/૨૦૨૬,ભારતીય ન્યાય સહીતા–૨૦૨૩ ની કલમ:– ૧૩૭ (ર), ૮૭, ૬૪(૨)(આઇ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ–૫(એલ),૬ મુજબના ગુન્હા કામે બી. એન. એસ. એસ– ૨૦૨૩ ની કલમ:–૪૮૩ અન્વયે ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની અરજી આથી '' **ના મંજુર** '' યાને કે '' **રદ** '' કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:–૨૦ મી, માહે:–જુન, સને:–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:– મોરબી.

**(ભુમિકા કનૈયાલાલ ચંદારાણા)**
**સ્પેશ્યલ જજ (પોકસો કોર્ટ) અને**
**એડીશ્નલ સેશન્સ જજ, મોરબી**
**(કોડ નં.જીજે૦૦૬૭૧)**

// J.J.S //